# ગુજરાત જાહેર સેવા આયોગ

*સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦*
*ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦* **Web Site : www.gpsc.gujarat.gov.in**

જાહેરાત ક્રમાંક :(૧૦૮/૨૦૧૮-૧૯ ) ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ની સીધી ભરતીથી નિમણૂક માટે નીચે દર્શાવેલ જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in તા.૧૫/૧૧/૨૦૧૮ (૧૩-૦૦ કલાક) થી તા.૩૦/૧૧/૨૦૧૮ (૧૩-૦૦ કલાક) દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. સા.અને શૈ.પ.વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા મહિલા ઉમેદવારો માટે અનામત જગ્યાની વિગત નીચે મુજબ છે. મહિલાઓ માટે અનામત જગ્યા પર ઉમેદવાર નહીં મળે તો આ જગ્યા સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

આ જગ્યાની લેખિત મુખ્ય પરીક્ષાની સંભવત: તા.૦૩, ફેબ્રુઆરી,૨૦૧૯

મુખ્ય પરીક્ષા નું કામચલાઉ પરીણામ :- માર્ચ ,૨૦૧૯

લઘુલિપિ કસોટીની તારીખ:- ૦૨,જુન,૨૦૧૯

લઘુલિપિ કસોટીના પરિણામનો સંભવિત માસ :-ઓગસ્ટ,૨૦૧૯

રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ:-સપ્ટેમ્બર,૨૦૧૯

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્ત અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.અને શૈ.પ. વર્ગ | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.અને શૈ.પ. વર્ગ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ | ૦૫ | ૦૩ | - | ૦૨ | - | - | - | ૦૧ | - | - | - |

નોંધ:- (૧) અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતનાં ધોરણો લાગુ પડશે પરંતુ તેમને પોતાની જાતિ દર્શાવવાની રહેશે. (૨) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે કોઇ જગ્યા અનામત નથી, પરંતુ શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો પૈકી (૧) OL (One

**Leg), BL (Both Legs), OA (One Arm)** , અંધત્વ અથવા ઓછી દષ્ટિની ખામી ધરાવતા તથા મગજના લકવાની વિકલાંગતા વાળા (૪૦% કે તેથી વધુ અને ૭૫ % સૂધી) ઉમેદવારો આ જગ્યા માટે ઉમેદવારી કરી શકશે. સાથોસાથ આવી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો બેસી શકે,ઉભા રહી શકે,વળી શકે,આંગળીઓ વડે કસબ દર્શાવી શકે,વાંચી શકે,અને લખી શકે તે પ્રકારની શારીરિક પાત્રતા પણ ધરાવતા હોવા જોઈએ.શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)

(**ii**) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ **Online** ફોર્મમાં **Personal Details**માં પોતાની અશકતતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.

(૧) લાયકાત:

૧.(૧) ઉપર્યુક્ત જગ્યા માટે ગુજરાત સરકારે માન્ય કરેલ યુનિ.ની પદવી **(Degree)**. ૧.(૨) ગુજરાતી પ્રતિવેદકની જગ્યા માટેના ઉમેદવારો ગુજરાતી માં આપવામાં આવેલા પ્રવચનોનો શબ્દશ: અહેવાલ લેવાની ક્ષમતા ધરાવતા હોવા જોઇએ તેમજ આયોગ દ્વારા યોજનાર ગુજરાતી લઘુલિપિમાં પ્રતિમિનિટ ૧૧૦ શબ્દોની ઝડપ ધરાવતા હોવા જોઇએ અને ગુજરાતી ડેટા એન્ટ્રીમાં મિનિટના ઓછામાં ઓછા ૨૫ શબ્દોની ઝડપે ડેટા એન્ટ્રી કરી શકતા હોવા જોઇએ ૧.(૩) ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૨)પગાર ધોરણ: **ROP-2016** મુજબ પે મેટ્રીક્ષ ૭@ મુજબ રૂ. ૫૩૧૦૦-૧૬૭૮૦૦

(૩) ઉંમર અને તેમાં છૂટછાટ: અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૪૦ વર્ષથી વધુ ના હોવી જોઇએ. ઉંમર અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવા પાત્ર છે.

૩.(૧) મહિલા વર્ગના ઉમેદવાર- પાંચ વર્ષ ૩.(૨) મૂળ ગુજરાતના અનુ.જનજાતિ મહિલા ઉમેદવાર ૧૦ વર્ષ(આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૫ વર્ષની છે તેનો સમાવેશ થઈ જાય છે.) ૩.(૩) શારીરિક અશક્ત (**Disabled**) ઉમેદવાર -દસ વર્ષ. ૩.(૪) માજીસૈનિકો/અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં છુટછાટ માટેની જોગવાઇ " For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-
1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or 2) on account of physical disability attributable to military service or on invalidment" અનુસાર મળવાપાત્ર થશે ૩.(૫) વધુમાં અપવાદરૂપ સારી લાયકાત અથવા અનુભવ અથવા બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં સરકારના પ્રવર્તમાન નિયમ મુજબ છુટ્છાટ મુકી શકાશે ૩.(૬) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં. ૩.(૭) બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ

મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ, વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે. ૩.(૮) ઉમેદવારે જે-તે લાગુ પડતા અનામત વર્ગ વગેરે અંગે અરજીપત્રકમાં કાળજીપૂર્વક ખાતરી કરી જરૂરી ચકાસણી કરીને જ જણાવવા અનુરોધ કરવામાં આવે છે. અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા કન્ફર્મ કરવામાં આવેલ કોઇ પણ વિગત/માહિતીમાં ઉમેદવારની ચૂકના કારણે પાછળથી સુધારો કરવા અંગેની કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૪.પરીક્ષાનો અભ્યાસક્રમ:

૪.(૧) ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ માટે (ક) પ્રશ્નપત્ર-૧ : ગુજરાતી, સમય ૨ કલાક, કૂલ ગુણ ૧૦૦. આ પ્રશ્નપત્રનું ધોરણ હાયર સેકન્ડરી સ્કુલ પરીક્ષાના ધોરણ મુજબનું રહેશે. આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે. (૧) આપેલા કોઇપણ વિષય પર નિબંધ -૨૦ ગુણ, (૨) અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર -૧૫ ગુણ, (૩) ગુજરાતીમાંથી અંગ્રેજી ભાષાંતર-૧૫ ગુણ (૪)સંક્ષિપ્તીકરણ- ૧૫ ગુણ (૫) પત્રલેખન –૧૫ ગુણ, (૫) વ્યાકરણ – ૨૦ ગુણ, પ્રશ્નપત્ર-૨ :લઘુલિપિ ટેસ્ટ, કૂલ ગુણ ૧૦૦. ઉમેદવારે રાજ્ય વિધાનમંડળોની અથવા સંસદની ચર્ચાઓમાંથી પસંદ કરેલા ફકરાઓનું ગુજરાતી ભાષામાં દરેક ચાર મિનિટના એક એવા બે ફકરાઓનું ૧૧૦ શબ્દો પ્રતિ મિનિટની ઝડપે કૂલ-૮૮૦ શબ્દોમાં શોર્ટ હેન્ડ ડીક્ટેશન લેવાનું રહેશે અને કોમ્પ્યુટર ઉપર ૯૦ મિનિટમાં ડેટા એન્ટ્રી કરવાની રહેશે. પ્રશ્નપત્ર-૩ :કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી ટેસ્ટ, કૂલ ગુણ ૧૦૦. ઉમેદવારે સતત ૧૦ મિનિટ કથનાત્મક ફકરો ૨૫ શબ્દો પ્રતિ મિનિટની ઝડપે કોમ્પ્યુટર પર ડેટા એન્ટ્રી કરવાનો રહેશે. (ખ) મૌખિક કસોટી, કૂલ ગુણ ૪૦ . આ કસોટીનો હેતુ ઉમેદવારનું વ્યક્તિત્વ મૂલવવાનો અને ગુજરાતી/અંગ્રેજી ભાષા બોલવાની તેની કાબેલીયત ચકાસવાનો રહેશે.

૫.(૧) ગુજરાતી ભાષાના પ્રશ્નપત્ર-૧ માં પાસ થવા માટેના ગુણની સંખ્યા આયોગ સ્વવિવેકાનુસાર નક્કી કરશે અને જે ઉમેદવારો પ્રશ્નપત્ર-૧ માં આયોગે નક્કી કરેલ ધોરણ પ્રાપ્ત કરશે આવા ઉમેદવાર જાહેરાતની જોગવાઇ, ભરતી નિયમ, ભરતી પરીક્ષા નિયમ તથા લાગુ પડતી જોગવાઇઓ સંતોષતા હશે તેઓને જ લઘુલિપિના પ્રશ્નપત્ર -૨ માટે બોલાવવામાં આવશે. ૫.(૨) લઘુલિપિ કસોટી તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી કસોટીના આધારે આયોગ નક્કી કરે તે લાયકી ધોરણ ધરાવનાર ઉમેદવારને જ મૌખિક કસોટીમાં બોલાવવામાં આવશે.

૬. **Online** અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:- આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા. ૧૫/૧૧/૨૦૧૮ (૧૩-૦૦ કલાક) થી તા. ૩૦/૧૧/૨૦૧૮ (૧૩-૦૦ કલાક) સુધીમાં http://gpsc-ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૩) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે. ૬.(૧) સૌ પ્રથમ http://gpsc-ojas.gujarat.gov.in પર જવું. ૬.(૨) Apply Online Click કરવું. આ પ્રમાણે Click કરવાથી (1) More details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન Click કરવું. ૬.(૩) ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. ૬.(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details"માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે. ૬.(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational

Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી. ૬(૫)(અ) હવે અહીં Center Detail પર “click” કરવું, ત્યાં Center ની પસંદગી આપવી ૬.(૬) તેની નીચે “Self declaration”માં Yes / No પર “click” કરવું. ૬.(૭) હવે save પર “click” કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે. ૬.(૮) જો આપના અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં. ૬.(૯) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Format માં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) “Browse” Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને “Open Button” ને click કરો હવે “Browse Button” ની બાજુમાં “Upload Button”પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. ૬.(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં “Confirm Application” પર click કરો અને “Application number” તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે “Application preview” પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં “confirmation number” generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલી અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી. ૬.(૧૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે “Print Challan” ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જીસ તારીખ ૩૦/૧૧/૨૦૧૮ (૧૩-૦૦ કલાક) સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા **Confirm** થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જયારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે. ૬.(૧૨) અનામત વર્ગના ઉમેદવારો તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ **Confirm** થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જયારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે. ૬.(૧૩) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી કે જેની સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા

ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

૭. અરજી ફી : ૭.(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે: ૭.(૧).(૧) પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "**Print Challan**" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા. ૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા **confirm** થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જયારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે **R.P.A.D. / Speed post** થી મોકલવાનાં રહેશે અથવા આયોગ ખાતે રૂબરૂમાં આપી જવાનાં રહેશે.

૭.(૧).(૨) ઓનલાઈન ફી : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

૭.(૨) રાજ્ય બહાર વસતાં ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે. ૭.(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. ૭.(૪) મૂળ ગુજરાતના અનુ.જાતિ, બૌધ ધર્મ અપનાવેલ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને શારીરિક અશકતતા વાળા ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી. ૭.(૫) અશક્ત (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી. ૭.(૬) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. ૭.(૭) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. ૭.(૮) તા.૧ લી જાન્યુઆરી, ૧૯૬૪ના રોજ અથવા તે પછી પૂર્વ પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરી ભારતમાં આવેલી નિર્વાસિત વ્યક્તિઓની બાબતમાં જો આયોગને સંતોષ થાય કે ઉમેદવારો ફી ચૂકવી શકે તેમ નથી તો યોગ્ય કિસ્સામાં ફી માફ કરવામાં આવશે. ૭.(૯) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

૮. સામાન્ય શરતો :

૮.(૧) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યા અનામત રાખવામાં આવી છે તે કક્ષાના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદા છૂટછાટ મળશે.બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણત્રીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદા છૂટછાટ મળશે.

૮.(૨) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં

૮.(૩)બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ, વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે.

૮.(૪ ) માજીસૈનિકો/અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં છુટછાટ માટેની જોગવાઇ " For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-

1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or

2) on account of physical disability attributable to military service or on invalidment"અનુસાર મળવાપાત્ર થશે.

૮. (૫) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ ( **Passing Standard** ) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

૮.(૬)એક વખત **Online** અરજી કર્યા બાદ,**Online Form** માં દર્શાવેલ કાસ્ટ/કેટેગરીમાં "**Online Application** " ની અરજીના અન્ય કોઇ કોલમમાં/વિગતોમાં, કોઇપણ જાતનો ફેરફાર પાછળથી કરવા દેવામાં આવશે નહિ. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો, તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે આયોગની કચેરી દ્વારા પ્રત્યુત્તર આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૮.(૭)જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

૮.(૮)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

૯. ઓનલાઇન જાહેરાત માટે નીચેની જોગવાઇ લાગુ પડશે:

૯.(૧) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે. ૯(૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી. ૯.(૩) અરજી ફી વગરની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી. ૯.(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. ૯.(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર

પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.) ૯.(૬) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીનાવિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**નોંધ : ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ ની જગ્યાના ભરતી નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી,અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમુનો, સરકારી કર્મચારીએ રજૂ કરવાના ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસ બોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી જરૂર જણાય તો આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન ૦૭૯-૨૩૨૫૮૯૮૦ ઉપરથી મળી શકશે. તા:૧૫/૧૧/૨૦૧૮**

| ગુજરાતી પ્રતિવેદક, વર્ગ-૨ ની જાહેરાતની સામાન્ય જોગવાઈ |
|---|

૧. <u>નાગરિકત્વ:-</u>

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ)બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી,ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

<u>નોંધ:-</u> જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

૨. <u>જન્મ તારીખ:</u>

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............ છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતા જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

૩. <u>વયમર્યાદા:</u>

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મહિલા ઉમેદવાર | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મૂળ ગુજરાતના અનુ.જનજાતિ મહિલા ઉમેદવાર | ૧૦ વર્ષ(આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે ૫ વર્ષની છે તેનો સમાવેશ થઈ જાય છે.)(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | માજી સૈનિકો. ઇ.સી.ઓ. એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-<br>1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 |

| | | |
|---|---|---|
| | | year) <u>otherwise</u> than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or<br>2) on account of physical disability attributable to military service or on invalidment"<br>(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ(વધુમાં વધુ ૪૫વર્ષની મર્યાદામાં) |

૪. <u>શૈક્ષણિક લાયકાત:</u>

(૧) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/ સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૨) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/ સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/ સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા/ કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.

(૩) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૫. <u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-</u>

(૧) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર<u>) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.</u>

(૨) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૬. <u>માજી સૈનિક:</u>

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

૭. <u>શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો:</u>

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (૨) હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય ,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૮. <u>મહિલા ઉમેદવાર:</u>

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોનેફાળવી શકાશે.

૯. <u>વિધવા ઉમેદવાર:</u>

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

૧૦. <u>ના વાંધા પ્રમાણપત્ર:</u>

(૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૧.<u>ગેરલાયક ઉમેદવાર:</u>

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૨.<u>ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ:</u>

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૩.<u>રૂબરૂ મુલાકાત</u>:

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

૧૪.<u>નિમણૂક:</u>

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ/ ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી ર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

૧૫ . <u>ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં:</u>

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહીં, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ / બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષયુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯)પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક, ગાઇડ , કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે અને / અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨)ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને / કર્મચારીને

(૧)આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

૧૬. <u>નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી):</u>

(૧) આયોગના ઓનલાઈન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અવાચ્ય હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂકરેલ ન હોય.

(૯) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૦) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

(૧૧) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/ પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૨) ) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૩) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો,મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય .

# GUJARATPUBLIC SERVICECOMMISSION

(Advt No.108/18-19).Online Applications are invited between Date:**15/11/2018 (13-00Hours) to 30/11/2018 (13.00Hours)** for selection through competitive examination to the post of Gujarati Reporter, Class-II. The reservation for S.&E.B.C., S.C., S.T.& women candidates is as under. In case of non-avail ability of Women candidates, in the respective category, the posts so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note: 1) Written Examination for this post will be held on: 3rd February, 2019**
**2) Provisional Result of Written Examination will be published in March, 2019**
**3) Shorthand test will be held on 02nd, June 2019**
**4) Result of Shorthand test will be published in : August, 2019**
**5)Viva-voce test will be held in September,2019**

| Name of the post | Total posts | Category wise posts | | | | Out of Category wise posts reserved for women | | | | Posts reserved for out of total post | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | S.C. | S.T. | S.&E.B.C. | Gen. | S.C. | S.T. | S.&E.B.C. | P.D. candidate | Ex-serviceman |
| Gujarati Reporter, Class-II | 05 | 03 | - | 02 | - | - | - | 01 | - | - | - |

Note: (1) The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.(2)There is no post reserved for Physically Disabled candidates. However, the candidate having of disability OL (One Leg), BL (Both Legs),OA( One Arm),Blind, Low Vision& Cerebral Palsy( 40% or more & less than 75% ) can apply for this post but they can meet the following physical requirements. can sitting, bending, manipulating with fingers, reading and writing.

**E.Q.:** A candidate shall possess (i) a degree of a University recognised by the Government of Gujarat, (ii) adequate knowledge of Gujarati and Hindi

**Pay Scale:** according to ROP, 2016 Rs. 53100- 167800 (Pay Matrix level-9@) .

**Age: Age** : A candidate shall not be more than 40 years of age. Age will be calculated as on the last date of receipt of application.

Upper age limit shall be relaxed as under :

| | | |
|---|---|---|
| 1 | Women candidates | 05 years(Maximum up to 45 years) |
| 2 | ST Women candidate of Gujarat origin | 10 years(including of 05 years relaxation as woman maximum up to 45 years) |
| 3 | Ex-servicemen /Officers | For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-<br>1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or<br>2) on account of physical disability attributable to military service or on invalidment" up to maximum45 years of age. |
| 4 | Physically disabled candidates | Maximum up to 10(ten) year subject to his/her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the basis of production of medical certificate prescribed Vide GAD circular dated 01-12-2008 from the Medical Board.(Maximum up to 45 years of age) |

Date:- 15/11/2018
The details of advertisement can be seen on website www.gpsc.gujarat.gov.in

Joint Secretary,
Gujarat Public Service Commission.